વાર્ષિક લવાજમ રૂા. ૫૦

રાષ્ટ્રવિકાસમાં મહિલાઓને સંયોજતું 'સેવા'નું પાક્ષિક મુખપત્ર

# અનસૂયા

વર્ષ - ૩૫ : અંક - ૧૩ * આદ્યતંત્રી : સ્વ. જયન્તિકાબહેન જયન્તભાઈ * તંત્રી : નમ્રતા બાલી * પ્રકાશન : જુલાઈ - ૬, ૨૦૧૬

# ઊકરડો

## પરંપરાગત ખેતીમાં ખાતરનો ખુલ્લો કોઠાર

**-ડૉ. કે. જી. મહેતા**

ઉકેરો એટલે કાઢવું... ઉકરડાની જગા મલીન ગણવામાં આવે છે અને તેથી આ જગ્યાએ મલીન દેવ-દેવીઓનો વાસ હોય તેવી માન્યતા છે. ઘરનાં કોઈ શુભ પ્રસંગે આવા દેવ-દેવીઓ નડતરરૂપ ન થાય તે માટે વિવાહ પ્રસંગે તેને ખુશ કરવા વાજતે ગાજતે ઊકરડી નોતરવાની અને પ્રસંગ પૂરો થયે ઊકરડી ઊઠાડીની વિધિ ઘણું ખરું દરેક જ્ઞાતિમાં જોવા મળે છે... આ દર્શાવે છે કે ઊકરડો આપણં સમાજ સાથે ઘનિષ્ઠ રીતે સંકળાયેલો છે.

પહેલાં આપણાં દેશમાં ગોપાલન અને ખેતીને ઘણું મહત્ત્વ છુપાએલ છે. આજીવિકા અને જીવનનિર્વાહ માટે ખેતી અને ગોપાલનને પ્રાધાન્ય આપવામાં આવતું અને તેથી ઉત્તમ ખેતી ગણાતી. સંપત્તિની ગણતરી ગાયોથી ગણાતી અને તેનું એકમ ૨૦ ગાયનું રહેતું. સામાજિક લેવડદેવડ પણ ગાયોથી થતી. રામાયણમાં પણ રામવિવાહ વખતે સીતાજીને પિતા જનક તરફથી દાનમાં ગાયો આપ્યાનો ઉલ્લેખ છે. આના ઉપરથી એમ ફલિત થાય છે કે આપણાં દેશમાં ગાયોની સંખ્યા કે ગોધન ઘણાં મોટા પ્રમાણમાં હતું. આટલા મોટા પ્રમાણમાં ગોપાલન થતું હોય ત્યારે ગોમુત્ર અને છાણનું પ્રમાણ પણ ઘણું હતું તેથી તેનો ગાર, લીંપણ, બળતણ માટે છાણાં ઉપરાંત ખેતીમાં ઉકરડામાં વધારાનું એકઠું થયેલ છાણીયું ખાતર ખેતીમાં ઉકરડામાં વધારાનું એકઠું થયેલ છાણીયું ખાતર ખેતીમાં પૂરતા પ્રમાણમાં વપરાતું. અહીં એવું પણ જાણવા મળે છે કે ખાતરના ઉકરડાને બદલે કુવાથી થતા પિયતના કારણે કુવાથી દૂર પાણી આપી શકાય તે રીતે ખાડામાં ખાતરને કહોવડાવીને ઉપયોગ થતો જેનાથી જમીનની ફળદ્રુપતા જળવાતી. ખેતીમાં મુખ્યત્વે અન્ન અને ઘાસચારાના પાકો લેવાતા. ફળદ્રુપ જમીનના કારણે જમીનના રસ-કસ જળવાતા હોઈ અન્ન ઉત્પાદન ઢગલા મોઢે થતું. રાજાઓ પણ અન્નનું માપસર ઉઘરાણું કરતા જેનો ઉપયોગ ગરીબોને વહેંચવામાં થતો. ખેડૂતો પણ ગામના ગરીબો અને જમીનવિહોણા વસવાયાને (વાણંદ, સુથાર, લુહાર વગેરે અને ગામના સાધુ સંતોને) અન્નદાન કરતા. આમ ગોદાન અને અન્નદાન ઉત્તમ દાન ગણાતા.

**ઉકરડો – સજીવ ખેતી :** આપણી પરંપરાગત સજીવ ખેતીનો વૈજ્ઞાનિક રીતે વિકાસ કરવાને બદલે તેને છોડી દીધી અને વ્યાપારીકરણના વમળમાં આપણે રાસાયણિક ખેતી અપનાવી જેમાં રાસાયણિક ખાતરો, પાકના રોગ-જીવાત અને ખેતરોના નિંદામણોને

### આ જોક નથી

''જો ભારતના ૭૭ કરોડ લોકો સંડાસની લાઇનમાં ઊભા રહે તો એ લાઈન આખી પૃથ્વીથી માંડીને ચંદ્ર સુધી પહોંચીને ય આગળ વધે.''

('આ જોક નથી' : 'ધીસ ઇઝ નોટ એ જોક' : સ્ટેટ ઑફ વર્લ્ડ ટૉઇલેટ્સ રિપોર્ટ, વૉટર એઇડ, જીનીવા)

### ઉકરડો

મારે આંગણ ગાવડી રે હું તો સેવા કરું છું
ગાયનું દૂધ બહુ નરવું રે હું તો ઘરનાને દઉં છું
છાણ-મુતર બહુ કિંમતી રે હું તો સાનમાં કહું છું
ખાતરનો ખાડો કરવો રે હું તો મુંઝાઇ મરું છું
મારે વાસીદું કરવું રે હું તો લાજી મરું છું
ઉકરડે સોનું નાંખવું રે હું તો લાજી મરું છું
કેવી ગંદકી કરતો રે હું તો લાજી મરું છું
મારા ખાતરને ખાતો રે હું તો લાજી મરું છું
મારું ખેતર ભૂખ્યું રહેતું રે હું લાજી મરું છું
ઓછો પાક ઉતરતો રે હું તો લાજી મરું છું
હવે પંચાયત જાગી રે હું તો હરખાઇ છું
ખાતરના ખાડા થશે રે હું તો હરખાઇ છું.

**ડૉ કે. જી. મહેતા**

નિયંત્રિત કરવા ઝેરી દવાઓ વગેરેનો અવૈજ્ઞાનિક અને આડેધડ ઉપયોગ કર્યો જેનાથી આજે ખેતી વધુ જોખમી અને નાના ગરીબ ખેડૂતોને હતાશા તરફ ધકેલનાર ધંધો બની જેના કારણે ખેડૂતોના આપઘાત અને જમીન વેચી ખેતી છોડવાની ચિંતાજનક પરિસ્થિતિ પેદા થઇ છે.

આથી ફરી પાછા હવે સજીવ ખેતી તરફ વળી માત્ર ક્રાંતિ નથી પણ ટકાઉ અને પર્યાવરણ પ્રેમી હરિયાળી ક્રાંતિ વિશે વિચારતા થયા છીએ ત્યારે જમીનની ફળદ્રુપતા પાછી લાવવા સેન્દ્રીય ખાતરોની અગત્યતા અંગે વિચારતા પશુઓના છાણ-મુત્ર અને ફાર્મનો નકામો સેન્દ્રીય પદાર્થ ધરાવતો કચરો ઉકરડામાં એકઠો કરવાને બદલે કમ્પોસ્ટ ખાતરમાં ફેરવવું અતિ આવશ્યક છે. સજીવ ખેતી ટકાઉ અને પોષણક્ષમ છે કારણ, સજીવ ખેતી પધ્ધતિના કારણે પાક ઉત્પાદનો વધે છે, ટકે છે અને તેની ગુણવત્તા સારી હોઇ વધુ સારી રીતે અન્ન પોષણ સલામતી આપે છે. આ પ્રકારની ખેતીમાં ખોટો ખર્ચ બચવાને કારણે ઓછા ખર્ચે વધુ ઉત્પાદન મળવાથી આર્થિક રીતે વધુ પોષણક્ષમ હોઇ ખેડૂતનું જીવનધોરણ વધુ ગુણવત્તાયુક્ત અને સમૃધ્ધ બને છે.

**સજીવ ખેતીમાં ઉકરડો નહીં પણ કમ્પોસ્ટ** સજીવ ખેતીમાં સેન્દ્રીય ખાતર જમીનના રસ-કસ અને ફળદ્રુપતા માટે પાયાની જરૂરિયાત હોઇ હાલની ઉકરડા પ્રથાને બંધ કરી કમ્પોસ્ટ ખાતર તૈયાર કરવા વિવિધ રીતો પૈકી નાડેય પધ્ધતિ વધુ સક્ષમ અને આર્થિક રીતે વધુ પોષણક્ષમ હોઇ વધુ પ્રચલિત છે. આ પધ્ધતિ દ્વારા એક કિલો ગાયના છાણમાંથી ૪૦ કિલો કમ્પોસ્ટ ખાતર તૈયાર કરી શકાય છે. જો એક ગાય હોય તો વાર્ષિક ૮૦ ટનના ડેપ સેન્દ્રીય ખાતર તૈયાર કરી શકાય છે. આ પ્રકારે તૈયાર કરેલ ખાતરમાં ઉકરડાના ખાતર કરતાં લગભગ ત્રણા પોષકતત્ત્વો ઉપરાંત જૈવિક રીતે અનેકગણું સમૃધ્ધ હોઇ ઓછા ખર્ચે અને મહેનતે જમીનની ફળદ્રુપતા જાળવી શકાય છે. આમ, ઉકરડાને બદલે 'નાડયે' પધ્ધતિએ છાણીયું કમ્પોસ્ટ ખાતર તૈયાર કરવામાં આવે તો હાલની સેન્દ્રીય ખાતરની અછતના પ્રશ્નો હલ કરવામાં અને હાલ મોંઘા રાસાયણિક ખાતરોની પકડમાંથી ખેડૂતને છોડાવી શકાય. પશુપાલન કરતા પશુપાલકો અને નાના ગરીબ ખેડૂતો પોતે સેન્દ્રીય ખાતર તૈયાર કરવાનો ધંધો ઘરઆંગણે સહેલાઇથી આર્થિક સધ્ધરતા પ્રાપ્ત કરી શકે.

**ઉકરડો ખાતર નહીં પણ ખતરો** ખેતીમાં છાણીયા ખાતરનું મહત્ત્વ ઘણું જ છે કારણ, જમીન એ ખેતી માટે પાયાનું માધ્યમ છે અને તેતી ફળદ્રુપતાનો મુખ્ય આધાર કહોવાએલ સેન્દ્રીય તત્ત્વ છે જે ઢોરના છાણ-મુત્ર અને ખેતર કે કોઢના સેન્દ્રીય તત્ત્વ ધરાવતા કચરાના કહોવાણ થયેથી મળે છે. ઉકરડાનો આવો કચરો ખુલ્લો ઢગલો હોઇ તેનું કહોવાણ થતું નથી અને છાણ-મુત્રમાં રહેલ નાઇટ્રોજન હવામાં ઉડી જવાથી વ્યય થાય છે. વળી વરસાદના કારણે ઢગલામાંથી પોષક તત્ત્વો ધોવાઇને વહી જવાથી બાકી મોટેભાગે કચરો જ રહે છે. ઉકરડાનો આવો કચરો ખેડૂતો ખાતરમાંની ખેતરમાં નાંખે છે જેમાં પોષકતત્ત્વો નહીવત્ અને કહોવાયા સિવાયનો કચરો પાકો માટે રોગ અને જીવાતના ફેલાવામાં જોખમી તથા ઉધઇનું ઘર હોઇ ફાયદાના બદલે નુકસાનકારક વધુ હોય છે. આમ, ઉકરડો એ ખાતર નહીં ખેડૂત અને ખેતી માટે ખતરો છે.

**ઉકરડો ગંદકીનું ઘર** ઉકરડા એ ગામડા માટે આજે પણ અભિશાપ છે અને ગામ સ્વચ્છતા માટે મોટો ડાઘ છે. આજે પણ ગામડાંમાં ઉકરડો મહિલાઓ અને બાળકો માટે મળ-મુત્ર ત્યાગવા માટે અંશતઃ આડશ પૂરું પાડતું ખુલ્લુ શૌચાલય હોઇ ગામડાંમાં શૌચક્રિયા કરવા માટે ઉકરડે જવું છે એવું બોલાય છે. કેટલાંક ગામોમાં તો નિશાળની આજુબાજુ ઉકરડા હોવાને કારણે બાળકો ઉકરડામાં રમતા હોય છે જે સ્વાસ્થય માટે ખૂબ જ હાનિકારક છે. ગામના ગધેડા માટે આબોહવાનું સ્થાન પણ ઉકરડો હોઇ ઉકરડાના ઢગલા ફેલાવાના કારણે વધુ ગંદકી થતી હોય છે. પૂજ્ય ગાંધીજીએ ભારતનું હૃદય ગામડું છે અને ગ્રામીણ વિકાસથી જ ભારતનો

વિકાસ છે એવું જણાવી એમ પણ જણાવેલ કે ગામડું એટલે ઉકરડો એ ગામડાં માટે અભિશાપ છે અને તેનું નિવારણ જલ્દીતી થવું જોઈએ. અંગ્રેજોના શાસનકાળમાં પણ અંગ્રેજ અધિકારીઓ ભારતના ગામડાંના ઉકરડાથી નારાજ હતા અને તેથી તેની નાબૂદી માટે કમ્પોસ્ટ ડેવલપમેન્ટ યોજના બનાવી હતી. આજે આપણે સ્વતંત્ર થયાને ૬૫ વર્ષથી પણ વધુ સમય થયો હોવા છતાં ગામડાંમાંથી ઉકરડા કાઢવા છતાં આવી જ કમ્પોસ્ટ વિકાસ યોજનાઓ ચલાવીએ છીએ છતાં ઉકરડા હજુ અડીખમ છે.

**ઉકરડાને અલવિદા** હવે આજની રાસાયણિક ખેતીના નબળા પાસાઓની જાણ થવાથી પોષણક્ષમ, ટકાઉ, હરિયાળી ક્રાંતિ પ્રસ્થાપિત કરવાની તૈયારી થઈ રહી છે ત્યારે જમીનની ટકાઉ ફળદ્રુપતા પુનઃપ્રસ્થાપિત કરવા માટે સેન્દ્રીય ખાતરોની પૂરતા પ્રમાણમાં ઉપલબ્ધિ જેવી પાયાની બાબતોને પ્રાધાન્ય આપવું જ પડશે. આ માટે ગામના કચરા અને પશુના છાણ-વાસીદા માટે ઉકરડાને બદલે કમ્પોસ્ટ ખાતર માટે કાયમી સક્ષમ વ્યવસ્થા ગોઠવે અને ઉકરડાને કાયમી અલવિદા કરે તે જ સાચું સ્વચ્છતા અભિયાન છે.

❑

## ખબર છે કે

# અમદાવાદ શહેરે ઊકરડાને ક્યાં વસાવ્યો છે?

'ગામ હોય ત્યાં ઉકરડો હોય' આ કહેવત આપણને સૌને જીભે હોય. ગામ હોય કે શહેર ઉકરડા તો બધી જ જગ્યાએ જોવા મળે છે. ખરું જોઈએ તો ઉકરડા પાછળની સામાજિક, આર્થિક અને માનસિકતા સમજવાની જરૂર છે.

અમદાવાદ શહેરના કેટલાંક શ્રમજીવી વિસ્તારોમાં મેં અને કાગળકામના ઇન્દ્રાબહેને આટો માર્યો ને ઉકરડાનો ઇતિહાસ જાણ્યો ને એની પાછળની કચરા નિકાલ માટેના આયોજનનો ગેરવહીવટ, શ્રમજીવી વિસ્તારો પ્રત્યેનું ઓરમાયું વર્તન પણ નજરે દેખ્યું.

અમદાવાદનો વેજલપુર વિસ્તાર આમ તો ઘણો મોટો છે. અમે વેજલપુર વિસ્તારના રેલ્વે પાટાને અડીને આવેલા શ્રમજીવી વિસ્તારોમાં ફર્યા. રેલ્વે પાટાની એકબાજુ કહેવાતા સ્વચ્છ અને આર્થિક-સામાજિક રીતે ઉચ્ચ મધ્યમવર્ગના લોકો રહેતા હોય ને પાટાની બીજી બાજુ શ્રમજીવી વિસ્તાર. આર્થિક ભેદ તો ખરો પણ સ્વચ્છતામાં પણ આવો ભેદભાવ ?!

વેજલપુરના રાજીવનગર પાસેના રેલ્વેના પાટાની આજુબાજુમાં જ્યાં જોઈએ ત્યાં બસ કચરાના ઢગલે ઢગલા જ દેખાય. ક્યાંક જોઈએ તો ઘણાં ઘરો તોડયાંનો વધારાના ઈટોં, રોડા, સિમેન્ટ-રેતી સાથે તુટેલા પતરાનો કચરો પડયો હોય. આવા જ ઢગલાંના ઢેરમાં ભરતડકે એક ૪૫-૫૦ વર્ષના શ્રમજીવીબહેન બેઠા હતા ને કચરામાં જાણે મોંઘામૂલા હીરા છુપાયા હોય એમ બારીકાઈથી વીણતા હતા. મારાંથી એમને પૂછ્યા વિના રહેવાયું નહીં. મેં પૂછ્યું, 'બહેન તમે આ ઉકરડામાંથી શું વીણો છો ?' બહેન તો એકીટશે મારી સામું જ જોઇ રહ્યા, મનમાં શું વિચાર્યું એ તો મને ખબર નહીં પણ, જરાક વાર રહીને પૂછ્યું, 'તમે મને શું કામ આવું પૂછો છો ?' મેં કહ્યું, 'આટલો તકડો માથે લઈને બેઠા છો એટલે પૂછ્યું.' બહેન કહે, 'લે, આ તો અમારું રોજનું કામ. ટાઢ, તડકો કે વરસાદ. આમાંથી પૂંઠા મળી જાય, કાંઇ પ્લાસ્ટીક મળી જાય. લોખંડ મળી જાય. આ રેલ્વેના પાટે-પાટે ફરતી જાઉં ને કચરો જોઉં એટલે વીણવા બેસી જાઉં.'

રેલ્વેના પાટે ફરતે છાપરાં હતા. અમે પાટે પાટે ફરતા ગયા ને જાતજાતનો કચરો જોતા ગયા. કચરાના ઢગલામાં કાગળ, નાસ્તાના પડીકાના મીણીયા, નકામાં કપડાં પણ હોય ને સાથે ભીનો કચરો પણ નાંખેલો જેમા, રાંધેલા ખોરાક ને સાથે વધેલ એઠવાડ પણ નાખેલો, વળી ઝાડ કાપ્યાં હોય તેનો પણ કચરો ભેગો પડ્યો હતો. ને ત્યાં જ ગાય, કૂતરા કે વળી ઘેંટા-બકરા ખાતા જોવા મળ્યાં. વળી ત્યાં જ છાંપરામાં રહેતા બાળકો રમતા જોયા. ઉકરડા માટે તો જગ્યા હોય તો પછી બાળકો માટે રમવાનું મેદાન ક્યાં ?!

રેલ્વે પાટાની બીજી બાજુ નજર માંડીએ તો સોસાયટીઓ અને ૧૦ માળિયા ફ્લેટ જોવા મળે. ત્યાંનો નજારો પાછો અલગ હોં ! અહીંયા ગંદકીનું નામોનિશાન નહીં. સવારે કૉર્પોરેશનના માણસો આવે-ઘરનો કચરો એ ગાડીમાં ઠલવાય ને એ જ કચરાનો ઢગલો રેલ્વે પાટાની આ બાજુ ખડકાય. ટૂંકમાં કહેવાતા સ્વચ્છ વિસ્તારોની ગંદકી શ્રમજીવી વિસ્તારોમાં ઠલવાય. હાસ્તો... જ્યાં ગરીબી હોય ત્યાં ગંદકી હોય તો શું ફેર પડે ? એમ પણ ગરીબો અને એમના બાળકોના આરોગ્ય સાથે વળી શી લેવા-દેવા ?!

આ જ કચરાની આસપાસ બહેનો કચરો વીણે ને ખુલ્લા પગે બાળકો રમતા ફરે. કચરાની દુનિયામાં ડોકિયું કરીએ તો ખબર પડે કે આ કહેવાતા 'સ્વચ્છ' લોકોના બાળકોના ડાયપર્સ પણ હોય ને સેનેટરી નેપકીન પણ હોય. કુતરાઓએ ચીરફાડ કરી હોય ને એના ટૂકડાં આમ-તેમ વીખેરાયેલા પડ્યા હોય. ને તો ય એ લોકો સ્વચ્છ કહેવાય ! આને કરુણતા કહેવાય કે પછી સામાજિક વિષમતા ?!

ચાલીઓના નાકે-નાકે અમે બેઉં આગળ ચાલવા માંડ્યા

ને ત્યાં એક વાડી નજરે પડી. હાલમાં જ કોઇ પ્રસંગ પૂરો થયો હોય એવું લાગ્યું. કેવી રીતે ખબર પડી ? લે, ચાલીના નાકે પડેલો એંઠવાડ એનો પુરાવો હતો. હવે જેણે વાડી ભાડે રાખી હશે તે આર્થિક રીતે તો સંપન્ન જ હશે. પ્રસંગ રંગેચંગે માણ્યો, મિજબાની સહુએ સાથે મળીને આરોગી. ભેટમાં ઠલવાયું એટલું ઠલવ્યું ને બાકીનો એંઠવાડ એ ય ને ફેંક્યો બહાર. ચારેકોર કુતરાઓ ભેગા થઇને એ એંઠવાડ આરોગતા જાય ને ચારેબાજું ફેલાવતા જાય. પ્રસંગ મ્હાલીને તો લોકો ચાલતા થયા. એંઠવાડનું તો જે થવું હોય એ થાય.

હવે આગળ ચાલતા ચાલતા પહોંચ્યા બુટભવાની મંદિરની પાછળના ભાગમાં આવેલા કાચા છાપરામાં જ્યાં 'સેવા'ના સભ્ય બહેનો રહે છે. એ બહેનો પહેલા આપણું ડોર ટુ ડોરનું (કચરો ભેગો કરવાનું)કામ કરતા હતા. પણ હવે તો એ કામ પણ બંધ થઇ ગયું છે. ત્યાં ગલીમાં પેસતા જ કાગળકામના તેજલબહેન મળ્યા ને મીઠો આવકાર આપ્યો. ને તરત મોટેથી બુમ પાડી... 'એ નાથી, મીઠી, કંચન એ મધુ કયાં ગઇ બધી આ જો 'સેવા'ની બહેનો આવ્યા છે આપણી હારે વાત કરવા, તો બધાં અહીયા આવો.' એમ કહેતા તેમના ઘરે લઇ જતા હતા ત્યાં જ લીમડાના છાયડે ખાટલો ઢાળીને સુતેલા નાથીબહેન તેજલબહેનની બુમ સાંભળીને ઝટ બેઠા થઇ ગયા ને કહે, 'આવો બેન અહી બેસો.' અમે તો બેઠાને થોડી વારે પૂછ્યું કે 'બહેનો, તમે કાગળ વીણવા જાઓ છો ?' તો કહે, 'હા અમારે બીજું શું કામ ? બસ એ જ કામ. વીણવાનું ને બે પૈસા કમાવવાના.'

નાથીબહેન કહે, 'હું તો રાજીવનગરના ટાવર પાસે આવેલી સોસાયટીમાં તેમજ બહારની બાજુએ મૂકેલી કચરા પેટીમાં નાખેલા કચરામાંથી વીણવાનું કામ કરું છું. એમાંથી કાગળ, પૂંઠા, મીણિયા, પતરા, પ્લાસ્ટીક અને લાકડા પણ વીણી લઉં છું. ઘણી વાર તો એ કચરામાં એંઠવાડ પણ નાખેલો હોય ને એમાં જ બધું ભેગુ થઇ ગયું હોય ને તેમા હાથથી ફેંદી ફેંદીને કાઢી લઉં છું. એ કચરામાં એટલી બધી વાસ આવતી હોય તો પણ મારે તો મારું કામ કરવાનું જ. વળી એમાં પણ જો ઘણી વાર કાચની બાટલીઓ પણ હોય ને તે ફૂટેલી હોય તો હાથમાં વાગી પણ જાય, એ દારૂની બાટલીઓ પણ મળે ને એ પણ હું વીણી લઉં છું.'

ત્યાં વળી નાથીબહેનની વાત સાંભળતા તો મીઠીબહેન બોલ્યાં, 'અરે હું તો રસ્તે જતા જ રસ્તે પડેલા કચરામાંથી ઘણી વસ્તુ વીણી લેતી હોઉં, વસ્ત્રાપુર સ્ટેશન પાસે પડેલા ઢલગામાંથી રોજ વીણતી જ હોઉં ત્યાં મને વધારે દારૂની ખાલી થેલીઓ બહું મળી જાય, હું એ પણ લઇ લઉં છું, એના પૈસા પણ મને મળી રહે છે. પણ મને તો એ દારૂની વાસ બહું આવે તોય હું એ લઇ લઉં.'

આ વાત સાંભળતા જ મધુબહેનથી તો રહેવાયું નહી ને બોલ્યા, 'હું તો ભક્તિનગર પાસે વીણવા જાઉં છું. એ વિસ્તાર મારો બાંધેલો છે. હું તો ત્યાં જ જાઉં. ત્યાં દુકાનો ઘણી છે જ્યાંથી મને સાડીની પેકિંગ કરવાની કોથળીઓ, કપડાના બોક્ષ અને પાણીના પાઉચ વધારે ભાગે મળી રહે એટલે મારે તો વહેલા ઉઠીને ત્યાં જાઉં પડે નહી તો બીજા કોઇ લઇ જાય. જો મોડી પડુ તો ધક્કો પડે. બધો કચરો મ્યુનિસિપાલીટીવાળા ઉપાડી ગયા હોય.'

તેજલબહેન ભાવસાર હોસ્ટેલ પાસે કોર્પોરેશનમાં કોન્ટ્રાક્ટ પર કામ કરે છે. એ ત્યાં કચરો વાળે ને એમાંથી જ થોડું ઘણું મળી જાય તો સાથે લઇને આવે.

વેજલપુરથી અમે વાડજના ચન્દ્રભાગા પુલ પાસે આવ્યાં. આ ચન્દ્રભાગા પુલની સામે જ આશ્રમ રોડ અને રોડની પાછળ એ મોટી નદી,આગળ જઇએ તો ગાંધી આશ્રમ આવી જાય. અમે ગોરા કુંભારની ચાલીમાં આવ્યા. ત્યાં જોયું તો પુલ નીચે કેનાલમાં એટલું બધું ગંદુ પાણી વહેતુ હતું જેમાથી બહુ ખરાબ વાસ આવતી હતી, ને એમાં કેટલી જાતનો કચરો પડેલો જોયો. એ કચરામાંથી પણ બહેનોને વીણતા જોયા. એની પાસે જ પાણીના જળ જોવા મળ્યાં, જ્યાં મોટી દઇત વાસણોની લાઇન લોગેલી હતી પ્લાસ્ટીકના કેરબા તો વળી, કેટલીય ડોલ, ને ઘડા પણ પડેલા જોયા. ને બાજુમાં એક ભંગારનું પીઠુ ત્યાં જાત જાતના વીણેલા થેલાનો ઢગલો પડયો હતો, એમાં એક ખટારામાં બધો સામાન ભરાતો હતો. જે બહેનો અને ભાઇઓ મોટા મોટા બોરા લઇને એ ખટારામાં નાખતા હતાં. બાજુમાં વહેતા ગંદા પાણીને લીધે માંખીઓ પણ એટલી બધી હતી કે ના પૂછો વાત !

ગોરાકુંભારની ચાલીમાં રહેતા લક્ષ્મીબહેન 'સેવા'ના સભ્ય બહેન છે. કહે, આ કચરો જ અમારી મૂડી છે. એમાથી મારું પેટીયું રળું છું. હું તો રોજ રાત્રે ૨ વાગ્યે છેક સ્ટેડિયમ રોડ પર વીણવા જાઉં છું. ત્યાં સારું એવું મળી જાય છે. રાત્રે ૨ વાગ્યે જાઉ ને સવારે ૮ વાગ્યે આવું. રાત્રે ત્યાંની દુકાનો ને ફૂટપાથ પર ભરાતું માર્કેટ બંધ થાય એટલે જવાનું. જો વહેલી સવારે જઇએ તો કાંઇ મળે નહીં. હું વીણીને રાખુ તે મારા ઘરવાળા પેડલ સાયકલ લઇને આવે તે લઇને ઘરે આવે. ત્યાં ઘરે આવી બધુ જુદુ પાડી અલગ અલગ થેલા ભરીને બીજે દિવસે બધુ વેચી દઇએ. અમારે તો પાણીની પણ એટલી જ બળતરા છે. ઠામુકુ આ ઉનાળામાં બળ્યું પાણી જ નથી આવતું. માડ માડ જ્યાં ત્યાં રખડી રખડીને પાણી પીવા ભેગા થઇએ છીએ.

ચન્દ્રભાગા પૂલથી આગળ રામાપીરના ટેકરા પાસે વાલ્મીકી વાસમાં ગયા. ત્યાં જતા તો રસ્તામાં થોડો થોડો પડેલો

ને બાજુમાં કોર્પોરેશનના કચરાપેટી પડી હતી ને થોડે દૂર ઘરે ઘરે જઇને કચરો ભરતી નાની લારીઓ પડેલી જોઇ. એ જ રસ્તા પર મ્યુનિસિપલ શાળા પણ હતી. સામે કચરો ઠાલવવાના સાધનો પડેલા ને બાળકો પણ એટલામાં રમતા જોયા. એટલે બાળકોને મન તો ઉકરડો એક મેદાન જેવું જ લાગે. હવે, કહેવાની જરૂર ખરી કે મ્યુનિસિપલ શાળામાં કોના બાળકો ભણે? ગરીબ બાળકોના શિક્ષણ અને આરોગ્ય બંને તરફની આટલી બેદરકારી ?!

વાલ્મીકી વાસમાં કેશીબહેનના ઘરે ગયા થોડી તેમની વાત પણ જાણી. કેશીબહેન કહે છે, 'હું તો રામાપીરના ટેકરા પાસે આવેલા રબારીવાસમાં ઘરે ઘરે કચરો લેવા જાઉં છું. મને મહિને ૩ હજાર પગાર મળે છે. ને થોડી દુકાનોમાં સફાઇ કામ કરવા જાઉં છું. ત્યાંથી કચરો વાળતા એમાંથી થોડુ વેચાય એવું મળી જાય, એ બધુ ભેગુ કરી એકાદ અઠવાડિયે વેચું જેમાથી ૨૦૦ -૨૫૦ રૂપિયા મળી રહે છે.'

સીતાબહેન બોલ્યા, 'હું પણ ડોર ટુ ડોર (કચરો એકત્રિકરણ)નું કામ કરવા જાઉં છું. રામાપીરના ટેકરામાં વાળુ છું ને એ કચરો ભરી બહાર લારીમાં ભરું છું. જ્યાં કૉર્પોરેશનનું મોટુ ડંપર આવે તેમાં એ કચરો ભરેલા ડબ્બા ઠાલવી દઉં છું. એ બધો કચરો ભરાઇ જાય એટલે રાણીપ ડમ્પીંગ સ્ટેશનમાં જાય છે.'

આ તો અમદાવાદના એક નાનકડા શ્રમજીવી વિસ્તારની વાત જાણી, આખાય અમદાવાદમાં ફરીએ તો શ્રમજીવી વિસ્તાર 'ઉકરડા'માં રહે છે કે શ્રમજીવી વિસ્તારમાં 'ઉકરડા' નો મુકામ જ શ્રમજીવી વિસ્તાર છે. એ જ ના સમજાય !

- **ગોમતી**

❑

# ઉકરડો : (સ્વચ્છતા) ખેતીની આવક અને આરોગ્યને જોડતી કડી

વર્ષ ૨૦૧૪ની તા. ૨જી ઓક્ટોબરના રોજ ગાંધીજયંતી નિમિત્તે આપણા પ્રધાનમંત્રીએ સ્વચ્છ ભારત ઝુંબેશ અંગેની ઘોષણા કરી. તેમના મત મુજબ પૂજ્ય ગાંધીબાપુનું સ્વપ્ન સ્વતંત્ર ભારત હતું જે પૈકી ભારત સ્વતંત્ર તો થયું પરંતુ આઝાદી મળ્યાના ૬ દાયકા વીત્યા બાદ પણ સ્વચ્છતાનો અભાવ તો રહ્યો જ.

આ ઘોષણા બાદ 'સ્વચ્છ ભારત મીશન' અંતર્ગત ઝુંબેશમાં દેશના નામી વ્યક્તિઓ, નેતાઓ જોડાયા. સ્વચ્છતા અભિયાનની આ ઝુંબેશમાં સૌપ્રથમ તો ભારતમાં શૌચાલયની પરિસ્થિતિ શું છે તે વિશે જાણવું જરૂરી બન્યું.

ભારતના ગામડાંઓ આજે પણ શૌચાલયની સુવિધાઓથી વંચિત છે. અને શૌચાલય નહીં હોવાના મુખ્ય કારણોમાં પાણી અને ગટરવ્યવસ્થાનો અભાવ જોવા મળે છે.

જો કે છેલ્લા ૨ વર્ષમાં 'સ્વચ્છ ભારત મિશન' અંતર્ગત શૌચાલય બાંધવાની કામગીરીને વેગ મળ્યો છે. ગુજરાતમાં ૩,૨૯,૮૮૦ શૌચાલયનું બાંધકામ કરવામાં આવ્યું છે. જ્યારે ૪,૦૪,૨૧૩ શૌચાલયના બાંધકામનું કામ હજુ ચાલુ છે. ગુજરાતના ૩૩ જિલ્લા પૈકી ફક્ત પાંચ જિલ્લા (સુરેન્દ્રનગર, દાહોદ, જામનગર, ભાવનગર અને બનાસકાંઠા)માં ૪૧.૭૦ ટકા સુધી કુટુંબોને શૌચાલયની સુવિધા છે.જ્યારે બાકીના અન્ય જિલ્લાઓમાં ૭૧ ટકા કે તેથી વધુ કુટુંબો પાસે શૌચાલયની સુવિધા છે.

સ્વચ્છતા સંદર્ભે ગુજરાત ભારતમાં આગળ પડતું સ્થાન ધરાવે છે. જેમાં વર્ષ ૨૦૧૧ સુધી ૨૨૮૩ જેટલા ગામોને નિર્મળ ગામ પુરસ્કારમાં સ્થાન મળે છે. આમ, સ્વચ્છતાની દષ્ટિએ ગુજરાત ભારતમાં ૩જા નંબરે છે.

પરંતુ સ્વચ્છતામાં માત્ર શૌચાલય આવી જાય એટલે વાત પૂરી થાય ? ગામોમાં તો બીજા ઘણાં પ્રશ્નો છે જેને સ્વચ્છતા સાથે જોડવા પડે અને હવે એ મુદ્દાઓ ધીરે-ધીરે દેખા દઇ રહ્યા છે.

પહેલાના સમયની વાત કરીએ તો ગામમાં પ્રવેશીએ એટલે દરેક ઘરના પોતાના ઉકરડા જોવા મળે. જેમાં ઘરના ઢોરના છાણ-મૂત્ર જોવા મળે ને આ જ ખેતીમાં વપરાતું કુદરતી ખાતર તૈયાર થાય. રાંધેલું વધે તે એંઠવાડ ફેંકાય નહીં પણ શેરીના કુતરા કે ઢોરના મોઢે જ જાય. મોટા પ્રસંગોમાં ખાખરાના પાનના પતરાળા વપરાય જેનો નિકાલ પણ જમીનમાં જ થાય. આમ, જમીનમાંથી લીધેલું જમીનને પાછું આપવાની પરંપરા જોવા મળતી. વચ્ચે એક સમય એવો આવ્યો કે જેમાં ઉકરડાની કિંમત ઘટી ઉકરડો જાણે કે નક્કામો બની ગયો. હવે, ફરી એકવાર લોકોને ઉકરડાનું મહત્ત્વ સમજાઇ રહ્યું છે. એમ કહીએ કે ફરી પાછા આપણે આપણા મૂળિયાને વળગી રહ્યા છીએ.

બદલાતા સમયમાં આપણી ખાનપાનની પદ્ધતિઓ પણ બદલાઇ છે ને પ્લાસ્ટીના પેકેટમાં ફૂડપેકેટનો વપરાશ પણ વધતો ગયો છે, ને પછી તે દૂધ હોય, નાસ્તાના પેકેટ કે ગુટખા. હવે આ ખાલી પ્લાસ્ટીકના પેકેટ કચરામાં જાય એટલે એનો શો ઉપયોગ ? હવે, પ્રસંગોપાત વપરાતા પતરાળા વિસરાયા ને પ્લાસ્ટીકની પ્લેટમાં જમણ થવા માંડ્યું. એ ઉકરડે જાય ને ફરી પાછું એનું એ જ. એનો નિકાલ ક્યાં ? ધરતી માંસ્તો ! ને નુકસાન કોને ? આપણાં ખેતરો ને ખેતપેદાશોને જ ને.

અમે જીલ્લાવાર ગામડાઓમાં ફર્યા અને ઉકરડાઓની મુલાકાત લીધી.

| ક્રમ | જીલ્લો | ગામની સંખ્યા |
|---|---|---|
| ૧ | અમદાવાદ | ૫ |
| ૨ | આણંદ | ૨ |
| ૩ | સાબરકાંઠા | ૫ |
| ૪ | ગાધીનગર | ૫ |
| ૫ | પાટણ | ૫ |
| ૬ | મહેસાણા | ૫ |
| કુલ | ૬ | ૩૩ |

- **અમદાવાદઃ-**

૧) ગામના જાહેર ઉકરડા સામાન્ય રીતે બસ સ્ટેન્ડની બાજુમાં, ગામના પાદરે તેમજ ઢોર ચરવા જતા હોય ત્યાં હોય છે. જ્યારે, ઘરના ઉકરડા મોટે ભાગે ઘરના વાડામાં હોય છે.

૨) ઘરના ઉકરડામાં સામાન્ય રીતે ઘાસચારો, પશુઓના મળમૂત્ર, શાકભાજીનો કચરો તેમજ પશુઓએ બગાડેલ ઘાસચારો હોય છે.

૩) મોટાભાગના ઉકરડા જેઠ મહિનામાં જ્યારે ખેતીની સીઝનની શરૂઆત અને ચોમાસું બેસવાની શરૂઆત થવાની હોય તેના ૨૦ દિવસ પહેલા લોકો ઉકરડા ખાલી કરે છે. અને ખેતરમાં નાખે છે.

૪) ઉકરડો ઘણી બધી રીતે ઉપયોગી છે. ગામોમાં કચરો વિણનાર વ્યક્તિઓ આવે છે, જે ઉકરડામાંથી પ્લાસ્ટિક કે રબ્બર જેવી વસ્તુઓ વેચવા માટે લઇ જાય છે. તેમજ પશુનું છાણ અને કચરો નાખેલ હોય તે કોહવાઇ ત્યારે ખેડૂતો ખાતરના રૂપમાં પોતાના ખેતરમાં તેનો ઉપયોગ કરે છે. અને જેઓ ઘેટા-બકરા રાખે છે અને ખેતી નથી કરતા તેઓ પોતાના ઉકરડામાં ભેગુ થયેલું ખાતર બીજાને વેચે છે. અને તેમાંથી તેઓને આવક પણ મળે છે.

૫) ઉકરડા અને હવા પાણીને સીધો સંબંધ છે. દા. ત. ચેખલા ગામમાં સ્કૂલની બાજુમાં જ ઉકરડા હતા અને પાણીની ટાંકીની બાજુમાં ગામના લોકો કચરો નાખતા અને બાળકોને શૌચક્રિયા માટે પણ લઇ જતા. પીવાના પાણી પાસે આવી ગંદકી જોઇને ''સેવા'' બહેનોએ ગ્રામસભામાં આની રજૂઆત કરી અને ત્યાંથી ઉકરડો હટાવી દીધો. જો આ સવાલ બહેનો ના સમજ્યાં હોત તો પીવાના પાણીમાં ગંદકી જાત અને લોકોને દૂષિત પાણી પીવાના ભોગ બનવું પડત.

૬) પશુપાલનનું કામ બહેનો જ કરે છે. અને તેના છાણ વાસીદા પણ બહેનો કરે છે અને ઘરમાં સ્વછતા રાખવાનું કામ પણ બહેનો જ કરે છે બહેનો વ્યવસ્થિત જગ્યાએ ઉકરડો બનાવે તો તેનો સદ્ઉપયોગ કરી શકાય.

- **આણંદ :-**

૧) ગામમાં જાહેર ઉકરડા મોટાભાગે ગામની ભાગોળે અને ગામની ચારેય બાજુ હોય છે. અને તેમાં આખા ગામનો કચરો, એંઠવાડ અને પ્લાસ્ટિકની બેગ હોય છે.

૨) ઘરના ઉકરડા મોટા ભાગે ઘરના વાડામાં અને ઘરનો એંઠવાડ અને પશુના મળમૂત્ર હોય છે.

૩) ઘરનો ઉકરડો ખેતીની સિઝન મુજબ ઉપાડે છે. જ્યારે ગામનો ઉકરડો વરસાદ પહેલા એકવાર ઉપડે છે.

૪) ઉકરડાનો એંઠવાડ અને મળમૂત્ર ખાતરમાં ઉપયોગી છે.

૫) ગ્રામસભા સામાન્ય રીતે ઉકરડા બાબતે ગામમાં રોગચાળો ફાટી નીકળે, ગંદકી વધી જાય અથવા તો કોઇ સામાજિક તહેવાર હોય તો તે સમયે ચર્ચા થતી હોય છે.

૬) ઉકરડા અને ગામના આરોગ્યને સીધો સંબંધ છે. ઉકરડા ગામમાં હોય ત્યારે વધુ મચ્છર થાય છે અને રોગચાળો ફેલાય છે.

૭) ઉકરડાથી ગામમાં હવા અશુધ્ધ થાય છે અને રોગ ફેલાય છે.

૮) ઉકરડામાંથી આવક પણ મળે છે. ૧ ટ્રોલી ખાતરના ૮૦૦ થી ૧૦૦૦ રૂપિયા પણ મેળવી શકાય છે અને આખા વર્ષમાં ૨-૩ ટ્રોલી ખાતર મળે છે.

૯) ઉકરડા અને બહેનો વચ્ચે સીધો સંબંધ છે. ઉકરડામાંથી બહેનો વર્ષે ૨૦૦૦ થી ૩૦૦૦ કમાઇ શકે છે. આ ખાતર ખેતરમાં વાપરે છે તો જમીનની અને પાકની ગુણવત્તા પણ સુધરે છે. અને ઉકરડાથી ગામની અને આંગણની સફાઇ થતી રહે છે તે બહેનો જ કરે છે.

- **સાબરકાંઠાઃ-**

ખાસ, અમોદરા, નાણા, વજાવત, અણીયોર, ફતેપુર, ખલીકપુર, દોલાપુર, મોટા વાસણા, ધીરપુર, પાવેલ, શણગાલ કુલ ૧૧ ગામોની માહિતી લીધી .

૧) ગામમાં વ્યક્તિગત અને જાહેર જેટલા ૪૦૦ થી ૫૦૦ જેટલા ઉકરડા હોય છે. જે મોટા ભાગે ગામના પાદરે અને રોડ ઉપર છે. અને વ્યક્તિગત ઉકરડા ઘરની પાછળ વાડામાં કે ખેતરમાં હોય છે.

૨) ઘરના ઉકરડામાં મોટાભાગે છાણ, લીલાઘાસનો કચરો, ખેતપેદાશોનો કચરો હોય છે.

૩) ગામના ઉકરડામાં, પણ પશુના મળમૂત્ર, ઘરનો કચરો, પ્લાસ્ટિક બેગ અને એંઠવાડ હોય છે.

૪) મોટાભાગે ઉકરડા વર્ષમાં ૧ વાર અથવા ૨ વાર ઉપાડે છે. જે ચોમાસું પહેલા અને ક્યાંક ફાગણ મહિનામાં તો ક્યાંક દિવાળી પહેલા ઉપાડે છે.

૫) ઉકરડાનું ખાતર ખાસ કરીને સેન્દ્રીય ખાતર તરીકે ઉપયોગી છે. તેના છાણા બનાવી બળતણમાં ઉપયોગમાં લઇ શકાય છે. તેમજ ગોબર ગેસ પણ બનાવી રાંધણ ગેસ તરીકે પણ ઉપયોગી છે.

૬) ગ્રામ પંચાયત ના મત મુજબ ઉકરડા આગળ કે જાહેર માર્ગ પર ના હોવા જોઈએ. તે આરોગ્ય માટે હાનિકારક છે. આથી તે ખેતરમાં જ હોવા જોઈએ. જેથી તેનો ઉપયોગ સીધો ખેતરમાં જ થઈ જાય. અથવા તો ઉકરડાની જગ્યાએ ગોબર ગેસ પ્લાન્ટ અપનાવવા જોઈએ.

૭) ગ્રામસભામાં ઉકરડાની ચર્ચા થતી હોય છે. જેમાં ખાસ ઉકરડાથી જે બિમારી ફેલાઈ છે તેની ચર્ચા થતી હોય છે. અને ખેતરમાં ઉકરડા કરવા અંગે વાત થાય છે.

૮) ઉકરડામાં જે ગંદો કચરો હોય છે. તેનાથી મચ્છરો થાય છે. અને મેલેરિયા કે અન્ય બિમારી ફેલાય છે.

૯) ઉકરડાના કારણે હવામાં દુર્ગંધ ફેલાય છે. જે શ્વાસ મારફતે શરીરમાં જતા બિમારી આવે છે.

૧૦) ઉકરડામાંથી ઉત્તમ પ્રકારનું ખાતર મળે છે. તેના છાણા બનાવી બળતણ તરીકે ઉપયોગ થઈ શકે છે.

૧૧) ઉકરડામાંથી ખાસ આવક મળે છે મોટા ભાગે ઉકરડાના ખાતરનો ઉપયોગ પોતાના ખેતરમાં કરી બાકીનું વેચાણ કરી શકાય છે. અને ગોબરગેસ પણ બનાવી શકાય છે.

૧૨) ઉકરડા અને બહેનોને સીધો સંબંધ છે પશુની દેખભાળ કરવાનું કામ બહેનો કરે છે. અને મૂત્ર છાણ એકઠું કરી ઉકરડામાં નાખવાનું કામ પણ બહેનો કરે છે તેમજ સફાઈ કામગીરી બહેનો જ કરે છે.

- **ગાંધીનગરઃ-**

૧) ગામમાં જોઈએ તો ૧૦૦ થી ૧૨૦ જાહેર ઉકરડા છે. તે ખાસ ગામની ભાગોળે, ઘરની નજીક, જગ્યા હોય ત્યાં હોય છે.

૨) ઘરના ઉકરડામાં ખાસ ઘાસ, કચરો, રોડા વગેરે હોય છે.

૩) ગામના ઉકરડામાં પ્લાસ્ટિકની થેલી, રોડા અને બીજુ અનેક પ્રકારનો કચરો હોય છે.

૪) ઉકરડામાં ખાસ છાણ ઉપયોગી છે કે કેમ તેનું ખાતર બની ખેતરમાં તેનો ઉપયોગ થાય છે જ્યારે પ્લાસ્ટિકની બેગ કોહવાતી નથી.

૫) ગ્રામ પંચાયતનું ગામમાં જ્યાં લોકોની અવર જવર ઓછી હોય તેવી જગ્યાએ ઉકરડા કરવા જોઈએ, જેથી રોગચાળાનો ભોગ માણસ કે પશુ ના બને અને બને તો ખેતરમાં જ ઉકરડા કરવા જોઈએ.

૬) ગ્રામ સભામાં ઉકરડા બાબતે ચર્ચા થાય છે પણ તેમા ગમે ત્યાં કચરો ના ફેકવાની વાત આવે છે.

૭) ઉકરડામાંથી આવક મેળવી શકાય છે અને એક ટ્રેક્ટર ટ્રોલી ખાતરના રૂ. ૧૦૦૦ છે તો તે એક આવકનો સ્ત્રોત છે.

- **પાટણઃ-**

ખાસ, મઢુત્રા, રોઝું, ગરામડી, બરાડા, રણમલપુરા કુલ ૫ ગામોની માહિતી લીધી.

ગામના તળાવ, કૂવા અને નદીઓ, તમામ જળાશયોના પાણી ચોખ્ખા રહે એ ઉપર ગામલોકોએ પંચાયતોએ ગ્રામઆવેગાનોએ, ગામની બહેનોએ, બાળકોએ, શિક્ષકોએ ખૂબ ધ્યાન આપવું રહેશે. આ પાયાના કામની આગેવાની કોણ લેશે ? સરકારી તંત્ર, દાક્તરો, દવાની દુકાનો અવશ્ય તેમની ફરજ બજાવે છે પણ કામ તો લોકોનું છે. આવા પાયાના કામમાં ગામલોકને સક્રીય કરવાની આગેવાની કોણ લેશે ?

(લોકસ્વાસ્થ્ય મંડળીના પુસ્તક વિમોચન પ્રસંગે ઈલાબહેન)

૧) ગામમાં વાડામાં, રસ્તાની આજુબાજુ, ગામ બહાર અને ખેતરમાં ખાસ ઉકરડા જોવા મળે છે.

૨) ઘરના ઉકરડામાં છાણ, નકામુ ઘાસ, ઘર વપરાશની નકામી વસ્તુ એટલે કે એંઠવાડ.

૩) ગામના ઉકરડામાં છાણ અને પ્લાસ્ટિક કચરો વધારે હોય છે.

૪) વૈશાખ અને જેઠ મહિનામાં વરસાદ આવે તે પહેલા ઉકરડો ઉપાડી લે છે અને ખેતરમાં ખાતર તરીકે ઉપયોગ કરે છે. અને બીજી વાર શિયાળું પાકની વાવણી પહેલા પણ કોઈ ખેડૂતો ઉકરડો ઉપાડે છે.

૫) ગ્રામ પંચાયત સરપંચ, તલાટી અને અન્ય સભ્યો આના પર ચર્ચા કરે છે અને જો વધારે ગંદકી ઉકરડાથી થતી હોય તો તે સફાઈની કામગીરી કરાવે છે.

૬) જો ઉકરડા જાહેર રસ્તામાં હોય, જાહેર મિલ્કતની બાજુમાં કર્યા હોય તો પણ તેની ચર્ચા કરી ઉઠાવી લેવામાં આવે છે.

૭) ગામની નજીક ઉકરડા હોય તો ગંદકી થાય અને તેની આરોગ્ય પર અસર પડે છે.

૮) ઉકરડાથી હવા દૂષિત મળે છે અને વરસાદી પાણી તળાવમાં જાય તો તે પાણી પણ દૂષિત થાય છે.

૯) ઉકરડાનું ખાતર વાપરવાથી ખેતરનો પાક સારો થાય છે અને જમીન સુધરે છે અને કોઈ પ્રકારનું નુકશાન નથી થતુ.

૧૦) ઉકરડાના ખાતરનું જો પોતાના ખેતરમાં ઉપયોગ કરે તો રાસાયણિક ખાતરનો ખર્ચ બચે અને પાક સારો થાય તો આવક પણ સારી થાય છે.

૧૧) ઉકરડા અને બહેનોને સંબંધ કારણ કે સફાઈનું કામ બહેનો જ કરે છે.

- **મહેસાણાઃ-**

૧) મહેસાણા જિલ્લામાં કુલ ૫ ગામમાં ઉકરડાનો સર્વે કરવામાં આવ્યો.

- ચાંદરડા :- ૪ જાહેર ઉકરડા છે, તે ચરામાં, શાળા પાસે,

'ANASOOYA' R.N.I. No. 54903/82 Permitted to post at Ahmedabad P.S.O. On
F/N Basis on the 6th & 22nd every month under Postal Regd. No. GAMC-581/2015-17
Issued by S.S.P. Valid up to 31-12-2017.

Ahmedabad P.S.O.
6-07-2016

તળાવ પાસે અને સ્મશાન પાસે.

- ટાંકિયા :- ૫ જાહેર ઉકરડા છે. મંદિર પાસે, પંચાયત પાસે, શાળા પાસે, ડેરી પાસે અને ગામને પાદરે.
- કૈયલ :- ૩ જાહેર ઉકરડા છે, ગામની ભાગોળે, ચરામાં અને ઘરની પાછળ.
- આંબલીયાસણ:- ૪ જાહેર ઉકરડા છે, લખાવાડામાં, રબારીવાસ, પ્રજાપતિવાસ, ખેતરમાં.
- વડુ :- ૩ જાહેર ઉકરડા છે, પાણીની ટાંકી પાસે, જોગણીમાતાના મંદિર પાસે, કરજીસણ રોડ પર.

૨) ઘરના ઉકરડામાં શાકભાજીનો કચરો, કાગળ, ચપ્પલ, લોખંડ, લાકડું, વાડ-ઝાડના પત્તા ઘાસ માટી કપડાના ટુકડા, પશુ પક્ષીના હાડકા, શ્રીફળના છોતરા, દૂધની થેલી હોય છે.

(૩) ગામના ઉકરડામાં પશુનું છાણ મૂત્ર, ડોડા એરંડાની ફોતરી પૂળાનો કચરો, ઘઉંની ફોતરી.

(૪) ગામમાં ઉકરડા ઉનાળામાં વૈશાખ મહિનામાં અને દિવાળીમાં કારતક મહિનામાં ઉપાડે છે.

(૫) ઉકરડામાં રહેલી પ્લાસ્ટિકની થેલી, કાગળ લોખંડ વેચીને આવક મેળવી શકાય છે અને છાણ અને મળમૂત્ર શાકભાજી કોહવાઇ જાય છે તે વેચાણ કરીને આવક મેળવી શકાય છે.

(૬) ગ્રામ પંચાયત જાહેર ઉકરડા ગામથી દૂર રાખવા જોઇએ, અને કોઇ સારા નરસા પ્રસંગો હોય ત્યારે ઉકરડા ઉપાડી લેવા જોઇએ.

(૭) ગ્રામસભામાં ઉકરડા બાબતે ચર્ચા થાય છે, તેનું સ્થળ હોય તે નક્કી કરેલી જગ્યાએ જ ગામનો કચરો નાખવો જોઇએ.

(૮) ઉકરડા અને ગામના આરોગ્યને સીધો સંબંધ છે ઉકરડાથી ગંદકી અને પ્રદૂષણ ફેલાય છે. અને મચ્છરનું પ્રમાણ વધે છે અને રોગ ફેલાય છે.

(૯) ઉકરડાથી હવા પાણીને સીધો સંબંધ છે તળાવના પાણી ગંદા થાય છે અને તે પાણી ઉપયોગ કરવાથી રોગચાળો ફેલાય છે.

(૧૦) સફાઇની કામગીરી બહેનો કરે છે તો બહેનોને ઉકરડા સાથે સીધો સંબંધ છે.

સેવા ગ્રામીણ ટીમ

❑

## સમાચાર

કેન્દ્ર સરકાર અસંગઠિત ક્ષેત્રના કામદારો માટે ૧૦ થી વધારે કામદારો જ્યાં કામ કરતાં હોય તેમને નિમણૂંક પત્ર આપવાનો આદેશ આવ્યો છે. અમે, અસંગઠિત વર્ગ આના માટે કંઇ પણ આશા બાંધતા પહેલા આની વધુ વિગતની રાહ જોઇએ છીએ. આ પગલાંથી ખુદ રોજગાર જ જોખમમાં તો નહી પડી જાયને ? અસંગઠિત વર્ગમાં તો કોન્ટ્રાક્ટરોની મોટી સાંકળ છે, જાળ છે ! આ વિશેની વધુ વિગતો કે કોઇ ચર્ચા મળતી નથી.

❑

**Place to Send Subscription :**

## Shree Mahila SEWA Anasooya Trust

SEWA Reception Centre, Opp. Tilak Baug, Bhadra, Ahemedabad - 380001 (Phone : 255 06 444, 255 06 477)
Please Visit our website : www.anasooya.org Email : mail@anasooya.org, sewaacdy@gmail.com

Printed and Published by NAMRATA BALI on behalf of Shree Mahila SEWA Anasooya Trust and Printed at Printwell, Celler, Deep Appartments, Shahpur Bahai Centre, Ahemedabad - 380 001 and Published from SEWA Reception Centre, Opp. Tilak Baug, Bhadra, Ahemedabad - 380001. Editor - NAMRATA BALI

**અનસૂયા** **6-07-2016**

સેવા રિસેપ્શન સેન્ટર
ટિળક બાગ સામે, ભદ્ર,
અમદાવાદ - 380 001